તાત્કાલિક/ઇમેઇલ/
સમયમર્યાદા

ક્રમાંક -અનદ-૧/ફાજલ/માધ્ય/૨૦૧૪/1358-1833
કમિશનર શાળાઓની કચેરી,
૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુ.રા., ગાંધીનગર, તા.૨૭/૧/૨૦૧૪

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
તમામ.

વિષય :- ગ્રાન્ટેડ શાળાઓના ફાજલ વ્યાયામ શિક્ષકોને પ્રતિનિયુકિતતાના ધોરણે સંમિતથી સમાવવા અંગે યાદી મોકલવા બાબત.

સંદર્ભ :- ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી ગાંધીનગરના તા. ૨૨/૧/૧૪ના પત્ર ક્રમાંક :ESTA/ESC 2/83/પીઆરઆઇ/૨૦૧૩/૩૬૧-૩૮૭

શ્રીમાન,

ઉપરોકત વિષય પરત્વે જણાવવાનું કે, રાજયની સરકારી કોલેજમાં પ્રતિનિયુકિતતાના ધોરણે સંમિતિથી ફરજ બજાવતાં ઇચ્છતાં ફાજલ વ્યાયામ શિક્ષકોની વિગતો આ સાથે સામેલ રાખેલ પત્રમાં જણાવેલ વિગતો સહિત જિલ્લાની એકત્રિત વિગતો ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રી, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગરને તા. ૩૧/૧/૧૪ સુધીમાં ફેકસ/ઇમેઇલ/રૂબરૂમાં મોકલી આપવા વ્યવસ્થા કરવા જણાવવામાં આવે છે.

આપનો વિશ્વાસુ,

શ્રેયાન અધિક્ષક
માધ્યમિક શાખા
ગાંધીનગર

સમય મર્યાદા :
તાત્કાલિક

NO. Esta. /Esc2/83/પીટીઆઈ/૨૦૧૩/ ૩૬૧--૩૮૭
ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી
બ્લોક નં.૧૨/૨, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુ.રા., ગાંધીનગર. તા.૨૨/૦૧/૨૦૧૪

પતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી -- તમામ
(ગુજરાત રાજય)

વિષય : ગ્રાન્ટેડ શાળાઓના ફાજલ પી.ટી.આઈને પ્રતિનિયુકિતના ધોરણે સંમિતીથી સમાવવા અંગે યાદી મોકવા અંગે

ઉપરોકત વિષયે જણાવવાનું કે, ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી હસ્તકની અમદાવાદ અને ગાંધીનગર ખાતેની નીચે મુજબની ૦૪ સરકારી કોલેજોમાં પી.ટી.આઈ.ની ખાલી જગ્યાઓ તાત્કાલિક પ્રતિનિયુકિતના ધોરણે ભરવાની છે,

૧. ગુજરાત આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ, અમદાવાદ
૨. સરકારી લો કોલેજ, મણીનગર,(પૂર્વ), અમદાવાદ
૩. સરકારી વિજ્ઞાન કોલેજ,સેકટર–૧૫, ગાંધીનગર
૪. સરકારી વાણિજય કોલેજ, સેકટર–૧૫, ગાંધીનગર

રાજયમાં હાલ કમિશ્નરશ્રી, શાળાઓની કચેરીથી મદદ મેળવતી ગ્રાન્ટ ઈન એઈડ શાળાઓના ૩૦૦ ફાજલ પી.ટી.આઈને હંગામી ધોરણે અન્યત્ર સમાવવામાં આવ્યા છે તે પૈકીના આપના જિલલાના જે ફાજલ પી.ટી.આઈ. કામ કરવા ઈચ્છતા હોય તેમની સંમતિ સાથેની યાદી તા. ૩૧/૦૧/૨૦૧૪ સુધીમાં આ કચેરીને મળી જાય તે રીતે નીચેના પત્રકમાં મોકલી આપવા જણાવવામાં આવે છે.

| ક્રમ | ફાજલ પી.ટી.આઈ.નું નામ | હાલમાં ફરજ બજાવતાં હોય તે શાળાનું નામ/ સરનામું | ફાજલ પી.ટી.આઈ. ની મૂળ શાળાનુંનામ/ સરનામું | ફાજલ પી.ટી.આઈ. ની નિમણૂંક તારીખ | ફાજલ પી.ટી.આઈ. ની નિવૃત્તિ તારીખ | કઈ સરકારી કોલેજમાં પ્રતિનિયુકિતથી જવા ઈચ્છે છે. |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫. | ૬ | ૭ |
| | | | | | | |

વધુમાં આ અંગે આપની કક્ષાએથી ફાજલ શિક્ષકો તરફથી અરજીઓ મંગાવવા તથા સંકલિત કરી તા. ૩૧/૦૧/૨૦૧૪ સુધીમાં અરજીઓ સહિત મોકલી આપવા વિનંતી છે. આ પ્રતિનિયુકિત ૧ વર્ષ અથવા રેગ્યુલર જગ્યા ભરાય ત્યાં સુધી ( બે માંથી જે વહેલું હોય તે પ્રમાણે) તથા સંબંધિત ફાજલ શિક્ષકને હાલમાં મળતાં પગાર અને પગાર ધોરણમાં નિમણૂંક આપવાની રહેશે તથા આ અંગે અન્ય કોઈ ભથ્થાં (જેવા કે ડેપ્યુટેશન એલા. ટી.એ., ડી.એ. વગેરે મળવાપાત્ર રેહેશે નહિં.

સંયુકત નિયામક(શિક્ષણ)
ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી,ગાંધીનગર

નકલ સવિનય જાણ સારું :--
કમિશ્નરશ્રી,શાળાઓની કચેરી, બ્લોક નં. ૦૯, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગુજરાત રાજય, ગાંધીનગર
...... ગ્રાન્ટેડ શાળાઓ ના ફાજલ પી.ટી.આઈ.ની યાદી સાથેની વિગતવાર માહિતી પુરી પાડવા સારું ...
તથા ઓનલાઈન વેબસાઈટ ઉપર મુકી જરૂરી સૂચના સંબંધિત D.E.O ને આપવા જણાવવું.